## ટ્રેક નં. ૪૭ : ઉપાદાન-નિમિત્ત વિષે

* ઉપાદાન પાકે તો નિમિત્ત મળી જ જાય? આ વળી ઉપાદાન એટલે શું? નિમિત્ત કોણ હોય? નિમિત્તથી કાર્ય થાય? આવી બધી આશંકાઓ તમને થાય છે ને? તો મારા તમારા જેવા મુમુક્ષુ ભાઈ-બહેનોએ આવા જ પ્રશ્નો પૂજ્ય બહેનશ્રીને પુછ્યા હતા. સાંભળીએ તેમના જવાબો અને કરી લઈએ સમાધાન.

* માંગલિક :

* ભક્તિ : એ સજીવન મૂર્તિ મળ્યા વિનાના કરોને લાખ ઉપાય (૨)
ગુરુ વિણ જ્ઞાન નહીં આવે, ભક્તિ વિણ ભાન નહીં આવે (૨)

*** પ્રશ્ન : પદાર્થના જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ પ્રતિ સમય વિના પ્રયત્ન પરિણમન તો થયા જ કરે છે અને પરિણમવું એ તો સિદ્ધાંતિક વાત છે. તો શુભાશુભરૂપે અથવા શુદ્ધરૂપે એવા પ્રકારે પરિણમવું એમાં જીવનો કોઈ અમુક ગુણ નિમિત્ત પડે ? જેમ કે જ્ઞાન કે વીર્ય ?**

● ઉત્તર : એમાં પોતે જ્ઞાયક જે એનો અસાધારણ ગુણ છે એ જ્ઞાનને ઓળખી, જ્ઞાયકતાને ઓળખી અને ઈ રૂપે પ્રતીતને દૃઢ કરે. દૃષ્ટિ એટલે પ્રતીત, દ્રવ્ય ઉપર દૃષ્ટિ, પ્રતીત કરે, ઈ પ્રકારનું જ્ઞાન કરે અને ઈ જાતની અંશે એની પરિણતિ થાય. એટલે એમાં એને જ્ઞાન, દર્શન અને ચારિત્ર, તો જે વિશેષ ચારિત્ર હોય તો પછી થાય છે, પણ એમાં દૃષ્ટિ, જ્ઞાન અને એની અંશે પરિણતિ થાય તો એની શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. દૃષ્ટિ તો એક દ્રવ્ય ઉપર છે. એની સાથે એને જ્ઞાન પણ એ બાજુ સમ્યક્ થાય છે અને પરિણતિ પણ ઈ બાજુ વળે છે. તો એમાંથી શુદ્ધ પર્યાય દ્રવ્યમાંથી (આવે છે.) અને 'સર્વ ગુણાંશ તે સમ્યક્‌દર્શન' પ્રગટે છે. ૧.

*** પ્રશ્ન : તો નિમિત્ત કારણ આવા પરિણામનું ખરું કારણ નથી એ તો સમજાય છે પણ જીવ દ્રવ્યને ઉપાદાન કારણ તરીકે જો**

ગ્રહીએ તો જીવ નિત્ય હોવાથી નિત્ય રાગદ્વેષ થયા કરે અને આવા રાગદ્વેષ પરિણામનું કારણ જીવ પણ ન હોય તો તેનું કારણ ક્યાં શોધવું ?

● ઉત્તર : નિમિત્ત અને ઉપાદાન. ઉપાદાનમાં તો આત્મા છે પણ એની પર્યાયમાં (પરિણામ) એ થાય છે. મૂળ દ્રવ્યમાં નથી થાતું કાંઈ. એની પર્યાયમાં થાય છે. એની પર્યાય પૂરતો વિભાવ છે. નિમિત્ત પણ છે અને ઉપાદાન પોતાનું છે. પણ એ મૂળ દ્રવ્યની અંદર એના સ્વભાવરૂપે નથી, વિભાવરૂપે છે. માટે વિભાવરૂપે છે માટે પલટાઈ જાય છે. એ તો પર્યાયમાં છે અને પર્યાય તો પલટી જાય છે. અનાદિનું છે પણ એ પોતે અકારણ પારિણામિક દ્રવ્ય છે. એની પરિણતિ પોતે એ નિમિત્ત તરફ દૃષ્ટિ આપે છે એટલે એ થાય છે એ પર્યાય, પર્યાયમાં થાય છે. પોતે દ્રવ્ય તરફ દૃષ્ટિ કરે તો એ પલટી જાય છે. નિત્ય કાંઈ રહેતા નથી. એ (દ્રવ્ય) તો અનાદિનું છે. પણ એ સ્વતઃ પોતે અકારણ પારિણામિક છે એ પોતે પરિણમે છે. નિમિત્ત છે. નિમિત્ત નથી જ એવું નથી. નિમિત્ત છે અને ઉપાદાન પોતાનું છે. પણ એ ઉપાદાન છે. પણ એ પોતાના દ્રવ્યની અંદર મૂળ સ્વભાવ નથી એનો. પર્યાયમાં થાય છે. પર્યાય પલટી જાય છે. ૨.

*** પ્રશ્ન : ઉપાદાન કારણ તો એનો પોતાનો આત્મા જ છે.**

● ઉત્તર : હા. એ પોતે છે ઉપાદાન કારણ, પણ (એની) પર્યાયમાં થાય છે. એના સ્વભાવમાં નથી કાંઈ. ૩.

*** પ્રશ્ન : સ્વભાવ નહિ હોવાથી સ્વભાવનો આશ્રય લેતા એનો અભાવ થઈ જાય છે.**

● ઉત્તર : પલટી જાય છે. નિમિત્ત વગર નથી થાતું તો પોતાનો સ્વભાવ થઈ જાય. એ સ્વભાવ નથી. પણ એ પોતે પરિણતિ છે. વિભાવરૂપે પરિણમે અને સ્વભાવરૂપે પણ પોતે પરિણમે છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો, એ કાંઈ નિત્ય પોતાનો સ્વભાવ થઈ જાય એવું નથી. એ તો પર્યાયમાં થાય છે. કારણ પોતે છે. સ્વભાવ નથી

પોતાનો. એનું કારણ પોતે છે. પણ નિમિત્ત કારણ (પણ) છે. ઉપાદાન છે એટલે નિમિત્ત કારણ નથી જ એવું નથી. ૪.

**✻ પ્રશ્ન : એ (નિમિત્ત) કાંઈ કરતું નથી ?**

● ઉત્તર : કરતું નથી, પણ નિમિત્ત છે. એકક્ષેત્રાવગાહે આવીને સંબંધ થાય છે. એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. પોતે સ્વભાવરૂપે પરિણમે તો એ કર્મના બંધન સ્વયં તૂટી જાય છે. સ્વયં છૂટી જાય છે. એવી જાતનો સંબંધ છે. એમ નિમિત્ત ન હોય તો તો આ બંધન (પણ) ન હોય અને શરીર (પણ) ન હોય અને કર્મ (પણ) ન હોય અને કાંઈ ન હોય. નિમિત્ત છે પણ નિમિત્ત કાંઈ કરતું નથી. 'નથી જ' એમ નથી. નિમિત્ત હોય જ. નહીં તો એ પ્રકારનો દ્રવ્યનો સ્વભાવ (થઈ જાય), એમ સ્વભાવ નથી. દ્રવ્યનો સ્વભાવ નથી. ઉપાદાન છે પોતાની પર્યાયમાં અશુદ્ધ ઉપાદાન પોતાનું છે, પણ એ દ્રવ્યનો મૂળ સ્વભાવ નથી. દ્રવ્યનો મૂળ સ્વભાવ નથી એટલે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી કોઈ અપેક્ષાએ એને પર તરફ નાખી દેવામાં આવે છે અને પોતે પુરુષાર્થ તરફ જુએ તો પોતાના પુરુષાર્થની મંદતાએ (વિભાવ) થાય છે. માટે પોતે દૃષ્ટિ ફેરવે તો ફરી જાય છે. ૫.

**✻ પ્રશ્ન : પુરુષાર્થની અપેક્ષાએ તો પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે. (વિભાવો)**

● ઉત્તર : હા, પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે. એનું વેદન પોતાને છે. માટે પોતે કરે છે. વાત એ સમજવી. એમાંથી દ્રવ્ય અને પર્યાયનો એણે વિવેક કરીને આગળ જવાય એવું છે. કારણ કે આટલી વાત છે કે નિમિત્ત કરતું નથી. પોતાના સ્વભાવમાં નથી અને વિભાવ પર્યાય પોતે ઉપાદાનથી થાય છે. એ વચલી વાત પોતે બરાબર એને સમજે તો એ મૂળ દ્રવ્યમાં તો નથી. પણ પર્યાયમાં થાય છે. એ પર્યાયનું પાછું પોતે ઉપાદાન કારણ, અશુદ્ધ ઉપાદાન પોતાનું છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. ૬.

✻ પ્રશ્ન : સ્વાદ જે આવે છે ઈ ભાવકર્મનો આવે છે?

● ઉત્તર : જે ચૈતન્યનો સ્વાદ આવે. ક્રોધ અને આકુળતા થાય એ તો ભાવક્રોધ છે. પણ એનું નિમિત્ત દ્રવ્ય ક્રોધ છે માટે એને નિમિત્ત તરફ નાખી દેવાય છે. એને નિમિત્ત તરફ કહેવાય અને ચૈતન્યની પરિણતિમાં થાય એ અપેક્ષાએ એને ભાવમાં લેવાય છે. એ દ્રવ્યકર્મમાં પણ એવી ક્રોધની યોગ્યતા છે. દ્રવ્યકર્મમાં પણ. એટલે એ નિમિત્ત કહેવાય છે. અને એ માટે એને દ્રવ્ય ક્રોધ કહેવાય છે. વિપરીત સ્વાદ છે આત્માના સ્વભાવથી, માટે એ જડનું જ છે. એ જડનો સ્વાદ છે. ક્રોધ એ જડનો, બધા કલુષિત ભાવો બધા જડનો સ્વાદ છે. આ આત્મા એનાથી જુદો છે. એનો (વિભાવોનો) વિપરીત સ્વાદ છે. આત્માનો સ્વાદ જુદો છે. એ જ્ઞાયક અને આનંદથી ભરેલો સ્વાદ છે. ને આ સ્વાદ (વિભાવનો) વિપરીત, આકુળતારૂપ છે. ૭.

✻ પ્રશ્ન : સમ્યક્દર્શન જ્ઞાન, ચારિત્રરૂપ વીતરાગી દશા પ્રગટે છે તેને પણ ક્ષણિકશુદ્ધ ઉપાદાન કહેવાય છે. અહીં ત્રિકાળી દ્રવ્યને શુદ્ધ ઉપાદાન તરીકે લેવું છે. જે ક્ષણિકશુદ્ધ ઉપાદાન લીધું એ સમ્યક્દર્શનની પર્યાય લીધી?

● ઉત્તર : ત્રણેય લીધું છે. સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય લીધું છે ને એમાં તો? ક્ષણિક એટલે એ તો પર્યાય અપેક્ષાએ લીધું છે. ૮.

✻ પ્રશ્ન : તો એ ક્ષણિક શુદ્ધ ઉપાદાનથી 'કથંચિત્ સહિત છું' એમ આવે તો ક્ષણિક શુદ્ધ ઉપાદાનથી કથંચિત્ સહિત છું. એમ લેવાથી શું દોષ આવે?

● ઉત્તર : 'કથંચિત્ અશુદ્ધ છું.' એમ પણ કહેવાય. એમાં કાંઈ દોષ નથી. કથંચિત કોઈ અપેક્ષાએ અશુદ્ધ પર્યાયવાળો જીવને કહેવાય છે અને શુદ્ધ પર્યાયવાળો પણ કહેવાય છે. એ શુદ્ધ પર્યાય જે દર્શન, જ્ઞાન, ચારિત્રની પ્રગટ થાય. રત્નત્રય એ જ પર્યાય છે માટે એને કથંચિત્ દ્રવ્યથી અભિન્ન કહેવામાં આવે છે. પણ એ પર્યાય છે

એટલે. પણ પર્યાય દ્રવ્યનું સ્વરૂપ જ છે. પણ દ્રવ્ય અને પર્યાયનું જુદું સ્વરૂપ બતાવે છે એટલે એને કથંચિત્ કીધું છે. કથંચિત્ અશુદ્ધ પણ કહેવાય એમાં દોષ નથી આવતો. એ અપેક્ષા છે એક—એ અનાદિકાળથી જીવ રાગદ્વેષ કરે છે એ કથંચિત્ એને કહેવાય છે. એને ક્ષણિક ઉપાદાન કથંચિત્ અશુદ્ધ ઉપાદાન કહેવાય છે. એને અશુદ્ધ ઉપાદાન કહેવાય છે. ૯.

✽ પ્રશ્ન : જીવને એમ થઈ જાય છે કે હવે તો મને ધર્માત્મા મળી ગયા છે. હવે મારે પાસે છે જ? હવે મોક્ષ જવામાં મને કોઈ વાંધો આવવામાં નથી. એમ કરીને પુરુષાર્થ ઓછો કરી નાખે એવું થઈ જાય? એવું ન થવું જોઈએ?

● ઉત્તર : એવું ન થવું જોઈએ. ધર્માત્મા મળ્યા પણ પોતે પુરુષાર્થ કરતો નથી. પુરુષાર્થ કરે તો થાય. (તો ધર્માત્મા નિમિત્ત છે.) ૧૦

✽ પ્રશ્ન : એવું નહીં બનતું હોય કે પુરુષાર્થ કર્યા વિના પણ કોઈ જીવ ધર્માત્માના સંગથી, સંગને કારણે પામી જાય?

● ઉત્તર : પુરુષાર્થ કર્યા વિના પામે એમ ન થાય માત્ર સંગથી. ૧૧.

✽ પ્રશ્ન : માત્ર સંગ કામમાં નથી આવતો?

● ઉત્તર : પુરુષાર્થ તો પોતાનો, નિમિત્ત ઉપાદાનનો સંબંધ છે એ, પુરુષાર્થમાં પોતાને સરળ પડે, એ માર્ગ બતાવે, એના સાનિધ્યથી પોતાના પરિણામ પુરુષાર્થ તરફ વળે. પુરુષાર્થ કરવાનો પોતે. પણ એ માની લે કે હવે મને બહારથી બધા નિમિત્તો મળી ગયા. હવે મારે શું વાંધો છે? એમ કરે તો એમ પમાય નહીં કાંઈ? પણ દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્સંગ અને સંતની મહિમા આવી હોય તો એને સંતની એવી મહિમા હોય તો એને અંદરથી પુરુષાર્થ થયા વગર રહે જ નહીં. પણ એને સંતની મહિમા જ નથી આવી. ગુરુદેવની મહિમા આવે તો અંદર ગુરુદેવ જે માર્ગ બતાવે એ રસ્તે એની પરિણતિ

પુરુષાર્થની વળે તો જ એણે એ મહાત્માને સ્વીકાર્યા છે. તો એણે ગુરુદેવને સ્વીકાર્યા છે. એમ વિચાર કરે કે હવે મને શું વાંધો છે? એ તો સ્વરૂપ, માર્ગ સમજ્યો નથી. એ સમજે કે મારો પ્રમાદ છે એટલું તો એને ખ્યાલમાં રહેવું જોઈએ ને? કરવાનું પોતાને રહે છે. ઉપાદાન નિમિત્તનો સંબંધ છે. પણ કરવાનું પોતાને જ રહે છે. પુરુષાર્થ તરફ એની ગતિ વળે. ભલે એને ધીરે ધીરે પણ વળ્યા વગર રહે નહીં. સાચી મહિમા આવે તો. ૧૨.

∗ પ્રશ્ન : પૂ. માતાજી, શાસ્ત્ર વાંચતા હોઈએ. ગુરુદેવનું પ્રવચન સાંભળતા હોઈએ, બીજા પંડિતને સાંભળતા હોઈએ ત્યારે એમ કહેવામાં આવે કે આ તો સહજ નિમિત્ત નૈમિત્તિક ભાવ છે. એ તો સહજ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એમ કહી દઈને નિરુત્તર કરી દેવામાં આવે છે. તો એ બળ આપે છે એ વસ્તુ? કે બીજું કાંઈ કારણ થશે? એ આપણને બળ આપે છે. એ માટે કહેવામાં આવે છે કે આ જે છે તે સહજ નિમિત્ત નૈમિત્તિક ભાવ છે એમ સમજી લે. આગળ વધવા માટે કહેવામાં આવે છે? આગળ વધવા માટેનું પ્રયોજન છે?

● ઉત્તર : કઈ વાતમાં કહેવાય છે? સહજ નિમિત્ત નૈમિત્તિક સંબંધ? ૧૩

∗ પ્રશ્ન : કાંકરી એક નાખો ને સર્પ ઊભો રહી થાય? (એ વાતમાં)

● ઉત્તર : પરદ્રવ્યને તું કરી શકતો નથી. પરદ્રવ્ય સ્વતંત્ર પરિણમે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરી શકતું જ નથી એવો વસ્તુનો સ્વભાવ છે. નિરુત્તર કરવા માટે નથી. એવો સ્વભાવ જણાવે છે કે એ દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. એના દ્રવ્ય, ગુણ, પર્યાય બધાં સ્વતંત્ર છે. કોઈ કોઈને કરી શકતું નથી. જે પોતે ભાવ કરે તે પ્રમાણે દ્રવ્યકર્મ બંધાય છે. એ દ્રવ્યકર્મનું ફળ એ પછી સ્વતંત્ર આવે છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે માટે તું તારા પોતાના પરિણામ પલટીને જ્ઞાયકને ઓળખ. તું પર દ્રવ્યને કાંઈ કરી શકતો નથી. એમ નિરુત્તર કરવા માટે નથી

એવો વસ્તુનો સ્વભાવ છે. એ કાંકરી નાખે ને મંત્ર થાય એ સ્વયં થાય છે. એ કોઈ કોઈને કરી શકતું નથી એમ કહેવામાં આવે છે. કોઈ કોઈનો કર્તા નથી એવો વસ્તુનો સ્વભાવ જ છે. નિરુત્તર કરવા માટે નથી. એવો વસ્તુનો સ્વભાવ જણાવે છે. આત્માનો જેમ જ્ઞાયકસ્વભાવ જાણનારો સ્વભાવ છે, આનંદ સ્વભાવ છે અને જડ કંઈ જાણતું નથી એવો એનો સ્વભાવ છે કે જડ તે ચૈતન્ય થાય નહીં, ચૈતન્ય તે જડ થાય નહીં. અગ્નિમાં ઉષ્ણતા સ્વયં છે. પાણીમાં શીતળતા સ્વયં છે. એમ (એકબીજાને) શીતળતામાંથી એ તો પુદ્‌ગલ છે એ તો પરિણમન બદલાઈ જાય, પણ જડનું કોઈ દિવસ ચૈતન્ય ન થાય. ચૈતન્યનું કોઈ દિવસ જડ ન થાય એવી રીતે વસ્તુનો સ્વભાવ છે એમ. એક દ્રવ્ય બીજા દ્રવ્યને કાંઈ કરી શકતું નથી એવો વસ્તુનો સ્વભાવ છે. નિરુત્તર કરવા માટે નથી. કોઈ કોઈને કરી શકતું નથી. જો કોઈ કોઈને કરી શકે તો દ્રવ્ય પરાધીન થઈ જાય. એની સ્વતંત્રતા રહે નહીં. કોઈ કોઈને પલટાવી શકતું નથી. પોતે પોતાના ભાવ સ્વયં કરે છે. એ ભાવમાં એ નિમિત્ત કર્મનું હોય પણ કર્મ કાંઈ પરાણે કરાવી દેતું નથી. પરાણે કરાવી દે તો પદાર્થ પરાધીન થઈ જાય. કોઈ કોઈને કરાવી શકતું નથી. ભગવાનની વાણી, ગુરુદેવની વાણી તો નિમિત્ત પ્રબળ છે. તોય (પણ) પોતાનું ઉપાદાન તૈયાર હોય, પોતે પુરુષાર્થ કરે તો થાય. કોઈ કોઈને કરી શકતું નથી. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. તો પણ ગુરુનો ઉપકાર છે. આત્માર્થ ગુરુએ સમજાવ્યું એમ કહે છે. નિમિત્ત પ્રબળ છે એમ કહે છે. દરેક દ્રવ્યની સ્વતંત્રતા બતાવે છે. નિરુત્તર કરવા માટે નથી. દરેકના દ્રવ્ય, ગુણ, પર્યાય જુદા છે. લોહચુંબક હોય અને સોય હોય તો સોય લોહચુંબક સાથે ચોંટી જાય છે. એ સહજ છે. એનો સ્વભાવ જ એવો છે કે જ્યાં લોહચુંબક હોય ત્યાં સોય ચોંટી જાય. એમ પોતે જેવા ભાવ કરે એવા કર્મ બંધાઈ જાય. એ કોઈ કરી શકતું નથી. નિરુત્તર કરવા માટે નથી. એ નિમિત્ત નૈમિત્તિક સંબંધ એવો જ છે.

વસ્તુનો સ્વભાવ જ અનાદિનો છે. વસ્તુનો સ્વભાવ જ એવો છે એ જાણવા માટે છે. એનું તું જ્ઞાન કર. જેવી રીતે આ બધું સ્વયં છે એમ તું પણ સ્વતંત્ર છો. તારા ભાવમાં સ્વતંત્ર છો એમ પરદ્રવ્ય તને કાંઈ કરી શકતું નથી. તું તારાથી સ્વતંત્ર છો. તું તારા ભાવ–વિભાવ ભાવમાં પુરુષાર્થની મંદતાએ તું કરે એમાં કર્મ તને કાંઈ કરાવી શકતું નથી. અને તું પુરુષાર્થ કર એમાં પણ સ્વતંત્ર છો. એમ સ્વતંત્રતા બતાવી છે. એ જે સ્વતંત્ર છે એમ તું પણ સ્વતંત્ર છો. ૧૪.

ભક્તિ : જ્ઞાની વિણ જ્ઞાન નહીં આવે, ભક્તિ વિણ ભાન નહીં આવે.

* પ્રશ્ન : એ વખતે નિમિત્ત સહજ હોય છે એમ?

● ઉત્તર : હા, નિમિત્ત એ પ્રમાણે સહજ હોય છે. એની યોગ્યતા પ્રમાણે નિમિત્ત હોય છે. પણ એ સ્વયં હોય છે. કોઈ એને કરી શકતું નથી. કોઈ એને લાવી શકતું નથી. વિશ્વની રચના કોઈ કરી શકતું નથી. સ્વયં પદાર્થ તો સ્વયં પરિણમે છે. કોઈ એનો કર્તા નથી. કોઈ કહે કે ઈશ્વરકર્તા છે ને આ થાય છે એમ નહીં. સ્વયં એવી રીતે પરિણતિ થાય જ છે. સ્વયં નિમિત્ત હોય છે એને એવી જાતના નૈમિત્તિક ભાવો પ્રમાણે એ નિમિત્ત હોય છે. નિમિત સ્વયં નિમિત્તમાં અને ઉપાદાન–ઉપાદાનમાં છે. એવો વસ્તુનો સ્વભાવ છે. નિરુત્તર કરવા માટે નથી. એવો સ્વભાવ જ છે. એમ કે એને ઉતર જ નથી આવડતો એટલે સ્વભાવ છે એમ કહે છે એમ નહીં. એનો સ્વભાવ જ એવો છે એમ બતાવે છે. તું સ્વતંત્ર થઈ જા. પર તારો કર્તા અને હું એને કરી શકું, આનું ભલું કરી શકું, આનું બૂરું કરી શકું એમ કરી કરીને તું વ્યાકુળતા કરી રહ્યો છે. પણ કોઈ કોઈનું કરી શકતો નથી. એનો તું જ્ઞાતા થઈ જા એટલા માટે કહેવામાં આવે છે. એ સ્વભાવ જ એવો છે. એના પુણ્ય પ્રમાણે થાય છે. એના પાપ પ્રમાણે થાય છે. તું તારા ભાવ, તારા શુભભાવ અને અશુભભાવની અજ્ઞાન-અવસ્થા એ કર્તા થાય છે. પરદ્રવ્યને તું કરી શકતો નથી એમ કહેવા માંગે છે. તું જ્ઞાતા થઈ જા. એમાં કર્મનું નિમિત્ત છે. તું દ્રવ્યકર્મને પણ

કાંઈ કરી નથી શકતો. તારા ભાવકર્મ એ (પણ) સ્વયં થાય છે. તું જ્ઞાતા થઈ જા એમ કહેવું છે. જેમ એ વસ્તુ સ્વયં છે એમ નિમિત્ત નૈમિત્તિક સંબંધ એમાં તું સ્વતંત્ર છો. તારા ભાવ પ્રમાણે એ કર્મ પરિણમે છે એવો સ્વભાવ છે એનો, એ સ્વભાવ માને તો 'તું જ્ઞાતા થઈ જા, કર્તા છૂટી જા' એમ કહેવું છે. ૧૫.

● બહેનશ્રી : જેમ સમ્યક્‌દર્શન થાય ત્યારે સાક્ષાત્‌ દેવ ગુરુ હોય છે. એ સ્વયં નિમિત્ત ઉપાદાનનો સંબંધ હોય છે કે એમની વાણી સાક્ષાત્‌ સાંભળે તો થાય છે. એવો નિમિત્ત ઉપાદાનનો સંબંધ છે. એમ જિનપ્રતિમા પણ એક સમ્યક્‌દર્શનનું કારણ ગણાય છે. પહેલા વહેલા તો સાક્ષાત્‌ ભગવાનની વાણી અને સાક્ષાત્‌ ગુરુની વાણી. પહેલું સમ્યક્‌દર્શન (થાય ત્યારે હોય છે.) ૧૬.

**✻ પ્રશ્ન : આ તો બીજા ભવમાં જિનપ્રતિમા (નિમિત્ત બને છે) ?**

● ઉત્તર : હા, જિનપ્રતિમા સમ્યક્‌દર્શનનું કારણ બને છે, નિમિત્ત બને છે. (પછીના ભવમાં) ૧૭.

**✻ પ્રશ્ન : મૂળ તો સાક્ષાત્‌ યોગ જ (નિમિત્ત બને) ?**

● ઉત્તર : મૂળ અનાદિનું જે થાય તે સાક્ષાત્‌. સાક્ષાત્‌ વાણી ભગવાનની મળે, ગુરુની મળે એમ 'જિનપ્રતિમા જિન સારખી' એમ આવે છે. (એ નિમિત્ત બને) ૧૮.

❀ બહેનશ્રી : નિમિત્ત કરી દેતું નથી. પણ નિમિત્ત હોય છે. હાજર હોય છે. (હાજરી છે.) ઉપાદાન તૈયાર થાય એને એવી જાતનું નિમિત્ત હોય જ છે. નિમિત્ત મળી જાય છે. ઉપાદાન મુખ્ય રહતા હૈ ઔર નિમિત્ત ઉસકે સાથ હૈ ઐસા ઉપાદાન નિમિત્તકા સંબંધ હૈ. ૧૯.

**✻ પ્રશ્ન : નિમિત્ત તો સાથમેં રહતા હી હૈ ?**

● ઉત્તર : ઉપાદાન તૈયાર હોવે તો ઉસકો નિમિત્ત મિલ જાતા

હૈ. ભાવના હુએ, અપના શુભભાવ હુઆ ઔર પુણ્યકા ઉદય હૈ. તો જો ભાવ હોતા હૈ તો નિમિત્ત મિલ ભી જાતા હૈ. કભી દેર ભી હોતા હૈ. 'ભાવના કા લાભ'–ભાવના–શુભભાવ હોતા હૈ ના? ઈસકા લાભ હોતા હૈ. ૨૦.

❀ બહેનશ્રી : ઉપાદાન ભાવ ઐસા હૈ કિ 'મૈં સ્વરૂપકી પ્રાપ્તિ કરું, પુરુષાર્થ કરું,' વે સબ ઉપાદાન હૈ. પુરુષાર્થ કરનેકા ભાવ હોતા હૈ વે સબ ઉપાદાન હૈ. વો ભાવના હુઈ વો તો શુભભાવ હૈ વે ભી ઉપાદાન હૈ. શુભભાવ હુએ, તો પુણ્ય બંધ જાતા હૈ. ફિર પુણ્યકા ઉદય કભી હોવે, તાત્કાલિક હુએ કે પીછે હુએ યે નિમિત્ત કભી આવે ઐસા કોઈ નિયમ નહીં રહતા હૈ. શુભભાવના હોતી હૈ તો શુભભાવકા ફળ હોતા હૈ. પુરુષાર્થ કરે તો ઉસકા ફળ જરૂર હોતા હૈ. ભીતરમેં પુરુષાર્થ કરે તો ઉસકા ફળ હોતા હૈ. ભાવના હોવે તો મિલ જાતા હૈ. પર કભી મિલે ઉસકા નિયમ નહીં રહતા હૈ. મિલ તો જાતા હૈ, પુરુષાર્થ કરતે કરતે (વો) સ્વાનુભૂતિ પ્રગટ હોતી હૈ. યે માર્ગ ગુરુદેવને બતાયા હૈ કિ સ્વાનુભૂતિ પ્રગટ કરો, આત્માકા અનુભવ કરો, ભેદજ્ઞાન કરો, વે અપના પુરુષાર્થ સે હોતા હૈ. ઉપાદાનસે, ઉસમેં દેવ-ગુરુકા નિમિત્ત હોતા હૈ. મુખ્ય ઉપાદાન–શુભભાવ કે અનુસાર પુણ્ય બંધ જાતા હૈ. ૨૧.

**✻ પ્રશ્ન : આ વખતના ગુજરાતી આત્મધર્મમાં પણ આપના જાતિસ્મરણની વાત આવી છે. બે વાત આવી છે. આમ તો મારાથી કરીશ પણ સાથે તમારા વિના તો નહીં ચાલે.**

● ઉત્તર : એ ભાવમાં આવે. હું સ્વયં જાઉં છું. પણ દેવ-ગુરુ-શાસ્ત્ર વગર મારે નહીં ચાલે. તમે સાથે આવજો. તમને સાથે જ રાખું છું. સાથે રાખ્યા વગર મારે નહીં ચાલે. હું જાઉં છું મારાથી, પણ તમને તો સાથે જ રાખવા છે. તમારા સાથ વગર મારે ચાલશે નહીં એવી જાતનું છે. જાવું પોતાને. દેવ-ગુરુ-શાસ્ત્ર વગર મારે નહીં ચાલે.

દેવ-ગુરુ-શાસ્ત્ર વગરનું જીવન તે જીવન કંઈ નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે હોય અને પુરુષાર્થ. એ જ એમાં ભાવના છે. તો સાથે હોય જ છે દેવ-ગુરુ-શાસ્ત્ર. પોતે આગળ જાય એમાં દેવ-ગુરુ-શાસ્ત્ર હોય છે. દેવ-ગુરુ અંદર પોતાનું કલ્પવૃક્ષ છે. પોતાની ભાવના દેવ-ગુરુ-શાસ્ત્રનું કલ્પવૃક્ષ ઉગાડશે. એ આવે છે. 'તમે બધા પધારો મારે દેવ-ગુરુ-શાસ્ત્ર વગર ચાલશે જ નહીં.' એમ કહે છે! 'ભલે હું પુરુષાર્થ મારાથી કરું પણ તોય તમારા વગર મારે નહીં ચાલે. તમારો સાથ તો જોશે જ.' એવી જાતનું છે. (બહુ સુંદર—અંદર સંધિ નિશ્ચય વ્યવહારની સંધિપૂર્વક છે.) હું આગળ જાઉં, તો ગુરુ તો મારે સાથે જોઈશે. હું તત્વમાં જ્યાં આગળ જાઉં, વિચાર કરું (ત્યાં) મારે ગુરુ સાથે જ જોઈએ. ગુરુ વગર મારે નહીં ચાલે એ તો ભાવના છે એક. ગુરુ કરી દે છે એવો અર્થ નથી પણ ગુરુ મારી સાથે જ જોઈએ. મારે ગુરુ વગર ચાલશે નહીં. ભલે પુરુષાર્થ મારાથી કરું. પણ ગુરુ તો મારી સાથે જોશે. આગળ તો ગુરુને સાથે રાખું છું. 'એકલા કરું' એટલે 'એકલા જ કરું છું' એવો એનો અર્થ નથી. (મારે) સાથે જ બધું જોઈએ છે. મારે આત્મા (પણ) જોઈએ અને મારે દેવ-ગુરુ-શાસ્ત્ર પણ જોઈએ. બધું મારે સાથે જોઈએ છે. બધાંય પધારો એમ કરીને કીધું છે. બધાય પધારો. (નિમિત્તરૂપે) ૨૨.

**✻ પ્રશ્ન : મુમુક્ષુ જીવને માર્ગદર્શન આપવામાં આવે છે. મુમુક્ષુ જીવને એની પરિણતિમાં એ કેવી રીતે ઉપકારી થાય છે? પરમાત્મા એ કેવી રીતે ઉપકારી થાય એ સમજાવવા વિનંતી છે.**

● ઉત્તર : કરવાનો પોતે નિર્વિકલ્પ ઉપયોગ શુદ્ધાત્મા સ્વાનુભૂતિ. એની દૃષ્ટિ ત્યાં હોય છે. એ શુભભાવ પોતાનું એ ચૈતન્યનું શુદ્ધ સ્વરૂપ નથી. પણ એ વચ્ચે આવ્યા વગર રહેતું જ નથી. એવો નિમિત્ત ઉપાદાનનો સંબંધ છે. ૨૩.

❀ બહેનશ્રી : દેવ-ગુરુ-શાસ્ત્ર ભગવાન સર્વોત્કૃષ્ટ. સર્વોત્કૃષ્ટ દશા (એમણે) ભગવાને પ્રગટ કરી છે. ભગવાનનો આત્મા એવો

પોતાનો આત્મા છે. ભગવાનનું સ્વરૂપ જે ભગવાને પ્રગટ કર્યું એવું જ પોતામાં શક્તિરૂપે છે. ભગવાનને ઓળખવાથી પોતાને ઓળખે છે. ભગવાનનું જે સ્વરૂપ એવું પોતાનું સ્વરૂપ. ભગવાન ઉપર બહુમાન આવતા ચૈતન્યનું સ્વરૂપ ઓળખાય છે અને ગુરુ તો માર્ગ બતાવે છે કે, જે ચૈતન્ય સ્વરૂપ તું જ પોતે, ચૈતન્ય અનંત ગુણોથી ભરપૂર છો. એ જે માર્ગ બતાવે તે સ્વાનુભૂતિ પ્રગટ કર. ભેદજ્ઞાન પ્રગટ કર. આખો માર્ગ ગુરુ બતાવે છે અને શાસ્ત્રમાં એનું વર્ણન આવે છે. પણ શાસ્ત્રને ઉકેલનાર ગુરુ છે. એ દેવ-ગુરુ અને શાસ્ત્ર પ્રત્યે જેને ભક્તિ હોય છે એ ભક્તિ-પોતાને ધ્યેય આત્માનું હોય છે કે જેવો મારો આત્મા એવો ભગવાનનો આત્મા. પણ ભગવાનને ઓળખાવનાર ગુરુ છે. એટલે ગુરુ ઉપર જેને બહુમાન આવે એ પોતાના આત્માને ઓળખે. દેવને ઓળખે એ પોતાના આત્માને ઓળખે. અને શ્રુતનું જે સ્વરૂપ છે એ ગુરુ બતાવે છે. માર્ગ બતાવે છે ગુરુ. માટે દેવ-ગુરુ-શાસ્ત્ર એની પરિણતિમાં, એના શુભભાવમાં એની મહિમા આવ્યા વગર રહેતી નથી. એની મહિમા જેના હૃદયમાં હોય છે. ઈ પોતાને ઓળખે અને પોતાને ઓળખે એ દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખે છે. એવો દેવ-ગુરુ-શાસ્ત્રનો ચૈતન્યનો (સાથે) સંબંધ છે. અને શ્રુતની પરિણતિ તો પોતે જ્યાં આગળ જાય ત્યાં શ્રુતની પરિણતિ તો સાથે હોય જ છે. શ્રેણી ચડે તોય એમાં દ્રવ્ય-ગુણ-પર્યાય આદિના વિચારો અબુદ્ધિપૂર્વક હોય છે. પણ એ શ્રુતનું ચિંતવન તો સાથે 'હું ચૈતન્ય કોણ? પહેલેથી હું ચૈતન્ય કોણ? મારું સ્વરૂપ શું? એ બધું સમજવા માટે શ્રુતની પરિણતિ સાથે હોય છે. પણ એનો માર્ગ એ યથાર્થ સ્વરૂપ બતાવનાર ગુરુ છે. એટલે શ્રુતની પરિણતિ તો જે અંદર વિચાર કરે એમાં સાથે આવે જ છે. એટલે દેવ-ગુરુ અને શાસ્ત્ર એમાં એના શુભ પરિણામમાં વચ્ચે આવ્યા વગર રહેતા જ નથી. અને પોતાને એ આત્માને બતાવે છે દેવ-ગુરુ-શાસ્ત્ર અને જે આત્માને ઓળખે દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખે. દેવ-ગુરુ-શાસ્ત્રને

ઓળખે (એ) પોતાને ઓળખે છે. એવો સંબંધ જ છે. એટલે શુભભાવમાં યથાર્થ જ્ઞાયકને ઓળખે એમાં દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે જ હોય છે અને સાધના પ્રગટ થાય તો એને ઉપયોગ બહાર આવે તો એને શુભ પરિણામમાં દેવ-ગુરુ-શાસ્ત્ર હોય છે અને અંતરમાં જાય ત્યાં શુદ્ધાત્મા. શુદ્ધાત્મા ઉપર દૃષ્ટિ હોય છે. એ દૃષ્ટિ એને શુદ્ધાત્માની પર્યાયો પ્રગટ થાય અને જ્યાં અધૂરાશ હોય છે એ શુભ ભાવનામાં એને દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે હોય જ છે. એટલે સાધનાની સાથે દેવ-ગુરુ-શાસ્ત્રનો સંબંધ સાથે રહે જ છે કે જ્યાં ભેદજ્ઞાનની પરિણતિ ચાલુ હોય. પહેલી જિજ્ઞાસાની ભૂમિકા થી. દેવ-ગુરુ-શાસ્ત્રનો સંબંધ જિજ્ઞાસુને પણ શરૂઆતથી હોય જ છે અને જ્યાં પૂરું થાય ત્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્રના વિકલ્પો એને શુભ ભાવનામાં હોય છે. અંતરમાં એને શુદ્ધાત્મા હોય છે. પણ ભેદજ્ઞાન સાથે, શુભભાવની સાથે દેવ-ગુરુ-શાસ્ત્રનો સંબંધ હોય જ છે અને દેવ-ગુરુ-શાસ્ત્ર એવી રીતે એને ઉપકારરૂપ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર એના શુભ પરિણામમાં આવે કે પુરુષાર્થની પ્રેરણા મળે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર જ એને લક્ષ જવાથી અનેક જાતના વિચારો આવે છે. ગુરુએ કેવી સાધના કરી? દેવ કેવા હોય? શાસ્ત્રમાં શું કહે છે? એને પુરુષાર્થની પ્રેરણા મળે છે. કરે છે પોતે પણ એને પ્રેરણા મળે છે. એવી સાધના સાથે દેવ-ગુરુ-શાસ્ત્રનો સબંધ એવો ઉપાદાન-નિમિત્તનો સબંધ છે. ઠેઠ સુધી—શ્રેણી જ્યાં ચડે ત્યાં અબુદ્ધિપૂર્વક પણ એ દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારો એને હોય છે. એ શ્રુતનું ચિંતવન ઠેઠ સુધી હોય (છે.) ૨૪

**✻ પ્રશ્ન : શહેરના વાતાવરણમાં રહીને કેવી રીતે આત્મધ્યાન કરવું?**

● ઉત્તર : વાતાવરણ શહરકા હોય પણ કરના અપને ઉપર હૈ ન? વાતાવરણ આત્માકો કાંઈ નુકશાન નહીં કરતા હૈ. ઉપાદાન તૈયાર કરકે, તત્વકા વિચાર—વાંચન, લગની, અપના વિશેષ પુરુષાર્થ

કરકે અપને આપ જો ક્ષેત્ર હૈ, વો ક્ષેત્રકા અસર નહીં લેકર અપને, અપના વિચાર કરના. અપની લગની લગાડના. તત્વ વિચાર કરના. ઐસા કરના. જિસકા પુરુષાર્થ મંદ હૈ ઈસકો સત્ સમાગમ નિમિત્તો યે સબ હોતે હૈ પણ જો નહીં મિલતે હૈ અને દૂર રહેતે હૈ તો અપની તૈયારી કરના, ભીતરસે તૈયાર રહના. દેવ-ગુરુ-શાસ્ત્રકા સમાગમ મિલે તો વિશેષ અચ્છા હૈ. અપના ઉપાદાન, પુરુષાર્થ કરનેમેં સુલભ રહતા હૈ. તો પણ જો નહીં મળે તો અપના પુરુષાર્થ કરના વિશેષ. જહાં કરના હૈ અપનેસે કરના હૈ. ઈસકા પુરુષાર્થ ઉપડે તો નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્ર હૈ ઉસકા હોતા હૈ. નિમિત્ત–ઉપાદાનકા સંબંધ રહતા હૈ, પણ નહીં હોવે તો પુરુષાર્થ વિશેષ કરના. તત્વ વિચાર કરના, સત્સંગ કરના, ઐસા કરના. જહાં મીલે સત્સંગ વહાં જાના ઐસા કરના. ૨૫.

**✻ પ્રશ્ન : ઉપાદાન તો છે તો શું?**

● ઉત્તર : ભાવના રહે. પુરુષાર્થ મારાથી થાય. કોઈ કરી દે છે એવી એને પ્રતીત નથી હોતી. પણ ભાવના હોય અને નિમિત્તો એવા કે જે સાધના કરનારા, જેણે પૂર્ણતા પ્રાપ્ત કરી, જેણે આત્માની સાધના કરી છે એનું મને સાનિધ્ય હોય એવી ભાવના હોય છે. ૨૬.

**✻ પ્રશ્ન : આવી જ નિશ્ચય અને વ્યવહારની સંધિ હોય છે.**

● ઉત્તર : એવી સંધિ હોય છે. ૨૭.

**✻ પ્રશ્ન : જો સત્સંગ કરવાનો ભાવ થાય તો નિમિત્ત તરીકે સત્પુરુષ મળે અને સત્સંગ કરવાનો ભાવ આવે ?**

● ઉત્તર : એને ભાવના હોય. પુરુષાર્થ (હોય). મારે જાવું છે અંદર. પુરુષાર્થની ગતિ મારાથી કરવી છે. પણ મને બહારમાં પણ નિમિત્ત સત્પુરુષનું નિમિત્ત મળે એવી ભાવના હોય. મને માર્ગ બતાવે, મને ક્યાં જાવું ? એ બધો માર્ગ બતાવનાર સાચાં નિમિત્તપણે પાસે હોય એવી ભાવના હોય છે. પ્રત્યક્ષ સત્પુરુષના સત્સંગની

ભાવના હોય છે. પછી બહારમાં યોગ કેટલા (મળે) એ વાત જુદી. પણ ભાવના એને એવી હોય છે. ૨૮.

*** પ્રશ્ન : સમકિતી જ્ઞાનીની સમીપ રહીને જ્ઞાન યથાર્થ થઈ શકે? ધર્માત્માનો યોગ હોય તો જ એ જાતના સંસ્કારો દૃઢ થઈ શકે?**

● ઉત્તર : ગુરુદેવે જે માર્ગ બતાવ્યો એ માર્ગને પોતે ગ્રહણ કરે. ગુરુદેવનો આશય સમજે, એ આશયને ગ્રહણ કરે, એવી જાતની પોતે તૈયારી કરે તો એને માર્ગ પ્રગટ થાય છે. એની સમીપતા એટલે અંતરમાં પોતે ગ્રહણ કરવું એની સમીપતાનો એવો અર્થ છે. ૨૯.

*** પ્રશ્ન : ભાવથી નિકટતા?**

● ઉત્તર : હા. ભાવથી નિકટતા કરે. અનાદિકાળથી દેવ-ગુરુ સાચા મળ્યા નથી એટલે એને યથાર્થ જ્ઞાન થયું નથી. પણ પોતે ઉપાદાન તૈયાર થાય તો નિમિત્ત હાજર હોય જ છે. ૩૦.

*** પ્રશ્ન : નિમિત્ત ગોતવું એમ નહીં.**

● ઉત્તર : નિમિત્ત એને મળી જ જાય છે. એનું સાનિધ્ય મળી જ જાય છે. સમીપતા એટલે એનું સાનિધ્ય, નજીકતા મળી જ જાય છે. મુમુક્ષુને એવા ભાવ આવ્યા વગર રહેતા જ નથી કે દેવ-ગુરુ-શાસ્ત્રની સમીપતા કેમ મળે? એનું સાનિધ્ય કેમ મળે? મારો પુરુષાર્થ કેમ થાય? મને માર્ગ કેમ ગ્રહણ થાય? એનું સાનિધ્ય તો. એને નિશ્ચય અને વ્યવહાર બેઉ સાંનિધ્યતા એને એની ભાવના હોય જ છે. ૩૧.

જય હો વિજય હો ભગવતી માતનો જય હો.